# :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ઉમરવાડા, સુરત ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૨૧/૦૭/૨૦૧૮**ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **માધ્યમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા** અને સવારે ૧૧.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા**નું આયોજન **સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૧૯/૦૭/૨૦૧૮** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.

સમાચારયાદી નં.૨૩૧<br>
તા.૧૧/૦૭/૨૦૧૮<br>
જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
## વર્ષાગીત સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળા/સંસ્થાના હોદેદાર કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. વિભાગ : :– ☐ **પ્રાથમિક** ☐ **માધ્યમિક**

૪. **સ્પર્ધામાં ભાગ લેનારની વિગત**

| **ક્રમ** | **સ્પર્ધકોના નામ** | **જન્મતારીખ** |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |
| ૬. | | |

વર્ષાગીત સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે. ઉપર જણાવેલી જન્મ તારીખ શાળાના રજીસ્ટર મુજબ સાચી છે અને સ્પર્ધાના નિયમને આધિન છે.

તા. /૦૭/૨૦૧૮.

........................................
આચાર્યના સહી/સિક્કા.

# સુરત મહાનગરપાલિકા

## વર્ષાગીત સ્પર્ધાના નિયમો

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૭/૨૦૧૮ને શનિવારના રોજ **સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગ**ની અને સવારે **૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગ**ની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧ આ સ્પર્ધામાં સુરત શહેરની હદમાં આવેલ પ્રાથમિક / માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધા બે વિભાગમાં યોજાશે.
(૧) પ્રાથમિક વિભાગઃ– ધોરણ : ૪ થી ૮
(૨) માધ્યમિક વિભાગઃ– ધોરણ : ૯ થી ૧૨

૨ એક શાળામાંથી દરેક વિભાગમાં ફકત એક જ ગૃપ ભાગ લઈ શકશે. બંને ગૃપમાં ભાગ લેનાર શાળા / સંસ્થાએ દરેક ગૃપમાં અલગ અલગ ગાયકો રજૂ કરવાના રહેશે. કોઈ એક ગાયક બંને ગૃપમાં ભાગ લેશે તો તેવી સંસ્થાની બંને એન્ટ્રી રદ ગણાશે.

૩ **તા.૦૧/૦૭/૨૦૧૮**ના રોજ પૂરી થતી વય મુજબ સ્પર્ધકોની ઉંમર ગણાશે. પ્રવેશ ફોર્મમાં ઉંમર પ્રમાણે જે તે વિભાગ લખવાના રહેશે.

૪ ગાયકવૃંદમાં ઓછામાં ઓછા ચાર અને વધુમાં વધુ છ સ્પર્ધકો જ ભાગ લઈ શકશે.

૫ સાથ સંગતમાં વધુમાં વધુ ત્રણ વાજીંત્રો વાપરી શકાશે. ઈલેકટ્રોનીક સાધનોનો ઉપયોગ કરી શકાશે નહીં.

૬ સ્પર્ધામાં વાજીંત્ર વગરની કૃતિ રદ કરવામાં આવશે, જે અંગે કોઈ તર તકરાર કે દાવો ચાલી શકશે નહીં.

૭ ગીત હિન્દી અથવા ગુજરાતીમાં રજુ કરી શકાશે. જેની સમયમર્યાદા ૫ મીનીટની રહેશે.

૮ જે તે વિભાગમાં ઓછામાં ઓછા ૬ પ્રવેશપત્રો આવશે તો જ સ્પર્ધા યોજવામાં આવશે.

૯ ગીત વ્યકિતગત રીતે રજુ ન કરતા સમુહમાં રજુ કરવાનું રહેશે.

૧૦ પ્રવેશપત્રો સાથે વર્ષાગીતની બે નકલ આપવાની રહેશે.

૧૧ નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે અને તે અંગે કોઈ તરતકરાર કે દરદાવો ચાલી શકશે નહીં.

૧૨ સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર
સુરત મહાનગરપાલિકા.

**નોંધ**:–ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૯/૦૭/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. **માધ્યમિક વિભાગની સ્પર્ધા સવારે ૯.૦૦ કલાકે અને પ્રાથમિક વિભાગની સ્પર્ધા સવારે ૧૧.૦૦ કલાકે શરૂ થશે.** જેથી સ્પર્ધકોએ તે મુજબ સ્પર્ધા સ્થળ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે હાજર રહેવું.